# ફાતેહા અને ઈસાલે સવાબનું મહત્વ

## હદીષોની રોશનીમાં


લેખક : હઝરત મૌલાના શફીઅ ઓકાળવી رحمة الله عليه (પાક.)

:: અનુવાદક ::

મૌલાના મુહમ્મદ સઈદ મિસ્બાહી (પીપળીયા)

(મુદર્રિસ : દારુલ ઉલૂમ બુખારીયા–ચાંચવેલ, તા. વાગરા, જિ. ભરૂચ)



પ્રકાશક

અંજુમને રઝાએ મુસ્તફા (દયાદરા)

C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

પ્રકાશન નં. : ૧૭૯ આવૃત્તિ–૨ પ્રત : ૪૫૦૦

૧૦–ઝીલ હજ્જ હિ.સ. ૧૪૩૧ નવેમ્બર–૨૦૧૦

નૂરાની આર્ટ–દયાદરા મો. ૯૪૨૭૪૬૪૪૧૧


## અનુક્રમણિકા


- ✻ **પ્રકાશકના બે બોલ.........** 03
  *[પટેલ શબ્બીર અલી રઝવી, –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)]*
- ✻ **શારીરિક ઈબાદતો** 06
- ✻ મૈયત માટે દુઆ તથા ઈસ્તિગફાર કરવું 06
- ✻ મૈયત માટે નમાઝ, રોઝા, અને હજ્જ કરવી 11
- ✻ મૈયત માટે કુર્આન તથા ફાતેહાખ્વાની કરવી 14
- ✻ મૈયત માટે તસ્બીહ તથા કલ્મો પઢવો 19
- ✻ **માલી ઈબાદતો** 22
- ✻ મૈયત માટે સદક઼ો તથા ખૈરાત કરવી 22
- ✻ મૈયત માટે કુર્બાની તથા ગુલામ આઝાદ કરવો 28
- ✻ સદક઼એ જારિયા 29
- ✻ **મુરક્કબ ઈબાદતો** 30
- ✻ ત્રીજ્યુ, સાતમું, ગ્યારવીં, ચાલીસમું, ઉર્સ તથા વરસી કરવી 30
- ✻ ખાવા સામે રાખી કુર્આન શરીફ પઢવું 32
- ✻ ફાતેહાખ્વાની અને સવાબ પહોંચાડવાનો તરીક઼ો 34

# પ્રકાશકના બે બોલ.........

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْکَرِیْمِ

પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! આપની સમક્ષ બે હદીષો રજૂ કરું છે જેને ધ્યાનથી વાંચો, એના પરથી બોધ ગ્રહણ કરો.

નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે, ''ક઼યામતના દિવસે પર્વતના જેમ નેકીઓ ઈન્સાનના (આમાલથી) જોડાયેલી હશે, તો તે કહેશે, આ ક્યાંથી છે ?! તો કહેવામાં આવશે, આ તારી અવલાદના ઈસ્તિગફારના કારણે છે જે તારા માટે કરવામાં આવ્યા.''

બીજી હદીષમાં છે : ''અલ્લાહ તઆલાએ જન્નતમાં પોતાના એક બંદાનો દરજો બુલંદ કર્યો તો તેણે કહ્યું, મારા રબ ! મારો દરજો કેમ બુલંદ થયો ?! કહેવામાં આવ્યું કે તારો પુત્ર જે તારા માટે બખ્શિશની દુઆ માંગે છે તેના કારણે.'' *(મિશ્કાત, પેજ–૨૫૬)*

આ હદીષો પરથી એ બોધ લેશો કે પોતાના ઈમાનની ખૂબ હિફાઝત રાખશો, કેમ કે ઈમાનની સાથે દુનિયાથી જો ગુનાહ સાથે પણ કબરમાં ગયા હશો તેમ છતાં બખ્શિશની શકયતા રહે છે, પણ **ઈમાન નહીં હોય તો જહન્નમ સિવાય કોઈ વિકલ્પની કલ્પના પણ નથી થઈ શકતી !** જેથી હે લોકો ! ઈમાનના મહત્વને સમજો, નહીં તો હમેશાં હમેશાં જહન્નમમાં રહેવું પડશે, (અલ્લાહની પનાહ !)

બીજુ કે તમારી ઔલાદને ફક્ત દુનિયવી જ્ઞાનમાં એજ્યુકેટેડ બનાવવા પાછળ દીવાના ન બનો ! પણ તેના માટે **દીની ઈલ્મની સૌથી વધુ** બલ્કે **દુનિયવી એજ્યુકેશન કરતાં પણ વધારે કાળજી રાખો** જેથી તે ઈમાન પર રહે, દીન પર રહે, નહીં તો એ ગમે તેવા ફિલોસોફર, વૈજ્ઞાનિક, એજિનિયર, ડોકટર, વકીલ.... ગમે તે બની જશે પણ દીનથી ઈમાનથી દૂર થઈ જશે તો આ ૬૦–૭૦ વરસ કદાચ સુખ ચૈનથી વટથી જીવી જાય પણ પછી હમેશાંની



જહન્નમમાં જશે ! તો કયાં પ્રેમાળ મા બાપ પોતાની ઔલાદની આવી કફોડી હાલત પસંદ કરશે ?!

ત્રીજુ કે ઈમાન પર હશે, અહલે સુન્નત પર રહેશે અને પછી નેક અમલો કરશે, માબાપની બખ્શિશ માટે દુઆઓ કરશે તો માબાપોને આખેરતમાં ઉપરોક્ત હદીષમાં બતાવ્યું તેમ ફાયદો થશે. ઔલાદ બદઅક઼ીદા કે અધર્મી થઈ જશે તો ન તેમની કોઈ દુઆ સ્વીકાર્ય થશે ન કોઈ અમલ ! જેથી ઔલાદને દીન શીખવાડો.

ચોથુ ઔલાદને નેક અમલની તાલીમ આપો, સારી સોહબતમાં રાખો, સુન્ની સાહિત્ય નેક અમલો, સારા અખ્લાકો વિશેનું બંધાવી આપો અને વાંચો વંચાવો, નેક બાઅમલ બાશરઅ ઉલમાની સોહબતમાં બેસાડો, એવા દીની પ્રોગ્રામોમાં હાજર થવાનો શોખ અપાવો, જેથી મા બાપનો મર્તબો સમજશે અને જીવનમાં પણ કાળજી રાખશે અને મૃત્યુ બાદ પણ મગફેરત માટે દુઆ કરશે, ઈસાલે સવાબ કરશે. માટે ઔલાદને ઈબાદતોની, શરીઅતની પાબંદીની, કુર્આને પાકની તિલાવતની, ઝિક્ર તથા દુરૂદ શરીફના વિર્દોની આદત પાડો, તો તેની નેકીઓ, દુઆઓ તમને આખેરતમાં રાહત અપાવશે.

પણ જો ફક્ત દુનિયવી એજ્યુકેશન પાછળ જ લગાડી રાખી અને ઈબાદતોથી બેપરવા રહેવા દીધી તો તમારા મૃત્યુ બાદ કોઈ નેકીની કે મગફેરતની દુઆની તેમના તરફની આશા મૂકી દેજો !

સારાંશ કે પોતાના તેમજ ઔલાદના દીન ઈમાનની કાળજી રાખશો તેમજ પોતે તથા ઔલાદને દીનદાર બનાવવા પ્રયત્નશીલ રહેશો તેમજ પ્રસ્તુત કિતાબમાં હદીષોથી જ સર્વ ઈસાલે સવાબના તરીકા રજૂ કર્યા છે જે ''બિદઅત ! બિદઅત !''ની વહાબી દેવબંદીઓની બૂમોથી ખડા થતા વસવસાઓનો પણ સફાયો કરે છે. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદક઼ામાં આપણને નેક રાહે જીવન જીવાડે અને ખાત્મો ઈમાન પર કરે. (આમીન.)

**–પટેલ શબ્બીર અલી રઝવી** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
તારીખ : ૧૬/૧૧/૨૦૧૦, મંગળવાર, ૯ ઝિલ હજ્જ હિ.સ. ૧૪૩૧

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡكَرِيۡمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَارَسُوۡلَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَاحَبِيۡبَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيۡكَ يَا نُوۡرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيۡكَ وَسَلَّمَ

ઈબાદત ત્રણ પ્રકારની છે : શરીર સંબંધી, માલી, મુરક્કબ. તિલાવત કરવી, તસ્બીહ તથા તહલીલ, દુઆ તથા ઈસ્તિગફાર અને નમાઝ, રોઝા વગેરે જિસ્માની (શારીરિક) ઈબાદત છે. અને જેનો સંબંધ માલથી છે, જેમ કે ઝકાત તથા સદકા અને ખૈરાત વગેરે માલી ઈબાદત છે. અને જેનો સંબંધ બંનેવથી છે, જેમ કે હજ કે તેમાં માલ પણ ખર્ચ થાય છે અને મક્કા પહોંચીને શારીરિક પ્રવૃતિથી હજ્જના અરકાન પણ અદા કરવા પડે છે તેને મુરક્કબ (શારીરિક તથા માલી ઈબાદતનો સમૂહ) ઈબાદતથી ગણવામાં આવે છે. મુસલમાનો આ ઈબાદતમાંથી ખુલૂસના સાથે કોઈ ઈબાદત કરે છે તો અલ્લાહ તઆલા પોતાના ફઝ્લો કરમથી તેને બખ્શી આપે છે.

હવે પ્રશ્ન એ છે કે મુસલમાન પોતાની કોઈ ઈબાદતનો સવાબ કોઈ મર્હૂમ મુસલમાનને પહોંચાડી શકે છે કે નહીં ? મોઅતઝલાનો મઝહબ એ છે કે ન સવાબ પહોંચે છે અને ન તેનાથી મૈયતને ફાયદો થાય છે. બહુમતિ એહલે સુન્નત વ જમાઅતનો મઝહબ એ છે કે સવાબ પહોંચે છે અને તેનાથી મૈયતને ફાયદો પણ થાય છે.





મોઅતઝલા તો ન રહ્યા પણ બદ્કિસ્મતીથી મુસલમાનોમાં એવા અમુક લોકો પેદા થઈ ગયા જેમણે મોઅતઝલાની જેમ સવાબ પહોંચાડવાનો ઈન્કાર કરવાનું શરૂ કરી આપ્યું છે. જ્યારે કે તેઓ કુર્આન તથા હદીષ પર ઈમાન હોવાનો તથા અમલ કરવાનો દાવો કરે છે. આશ્ચર્ય છે કે તે કુર્આન તથા હદીષ પર ઈમાન હોવાનો તથા અમલ કરવાનો દાવો કરીને સવાબ પહોંચાડવા અને તેના ફાયદાકારક હોવાનો ઈન્કાર કરવાવાળા કેવી રીતે થઈ ગયા છે ?! કારણ કે કુર્આન તથા હદીષ પર ઈમાન અને અમલ કરવાનો દાવો અને સવાબ પહોંચાડવાનો ઈન્કાર આ બંનેવ વસ્તુઓ એવી છે જે કદી જમા નથી થઈ શકતી ! આવા લોકોએ નીચે આપેલ દલીલોને અતિશય ધ્યાનપૂર્વક જોવી જોઈએ.

## શારીરિક ઈબાદતો

**★ મૈયત માટે દુઆ તથા ઈસ્તિગફાર કરવું ★**

**(૧)** હઝરત નુઅમાન બિન બશીર رضی اللہ عنہ ફર્માવે છે કે દુઆ ઈબાદત છે. *(અબૂ દાઊદ)*

**(૨)** હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું છે કે દુઆ ઈબાદતનો મગજ છે. *(કન્ઝુલ ઉમ્માલ)*

આ બંનેવ હદીષોથી સાબિત થાય છે કે દુઆ ઈબાદત બલ્કે ઈબાદતનો મગજ છે.

**(3)** અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَالَّذِيۡنَ جَآءُوۡ مِنۡۢ بَعۡدِهِمۡ يَقُوۡلُوۡنَ رَبَّنَا اغۡفِرۡلَنَا

وَلِاِخۡوَانِنَا الَّذِيۡنَ سَبَقُوۡنَا بِالۡاِيۡمَانِ

''જે તેમના બાદ આવ્યા તે એવી દુઆ કરે છે, હે અમારા પરવરદિગાર ! અમને બખ્શી આપ ! અને અમારા તે ભાઈઓને બખ્શી આપ જે અમારાથી પહેલાં ઈમાનની સાથે ગુજરી ગયા.'' *(પારા–૨૮, રુકૂઅ–૪)*

વિચારો ! આ આયતે કરીમામાં અલ્લાહ તઆલા મુસલમાનોના આ મુબારક કાર્યને કેવળ પ્રશંસાના લીધે બયાન કર્યું છે. પછી આ આવનારા મુસલમાન જેવી રીતે પોતાના માટે બખ્શિશની દુઆ કરે છે તેવી રીતે મુસલમાન ભાઈઓ માટે પણ દુઆ કરે છે જે તેમનાથી પહેલાં ગુજરી ગયા.

જ્યારે પુરવાર થઈ ગયું કે દુઆ ઈબાદત છે તો માલૂમ થઈ ગયું કે જીવંત લોકોની ઈબાદત એટલે કે દુઆથી મૈયતને ફાયદો પહોંચે છે. જો આ માનવામાં ન આવે તો પછી મુસલમાનની પોતાના મર્હૂમ ભાઈઓ માટે બખ્શિશની દુઆ કરવી બેકાર અને નિરર્થક ગણાશે. અને વળી એ પણ કહેવું પડશે કે કુર્આન મઆઝલ્લાહ ! ફુઝૂલ તથા નકામાં કાર્યોને પ્રશંસારૂપે બયાન કરે છે ! સાબિત થઈ ગયું કે જીવતા મુસલમાનોનું મુસલમાન મૈયત માટે બખ્શિશની દુઆ કરવું એ મુર્દાની માફી તથા બખ્શિશ અને દરજાઓ બુલંદ થવાનો સબબ છે.

**(૪)** ઈમામ જલાલુદ્દીન સિયૂતી رضی اللہ عنہ ફર્માવે છે : અને આ કાર્યો પર ઘણા ઓલમાની એકમતિ (ઈજમાઅ) નક્લ કરી છે કે નિઃશક ! દુઆ મૈયતને ફાયદો આપે છે. અને તેની દલીલ કુર્આન શરીફમાં અલ્લાહ તઆલાનું આ કથન છે. ''તે જે એમના બાદ આવ્યા એવી દુઆ કરે છે કે હે અમારા પરવરદિગાર ! અમને બખ્શી આપ અને અમારા એ ભાઈઓને બખ્શી આપ જે





અમારાથી પહેલાં ઈમાનની સાથે ગુજરી ગયા.'' *(શરહુસ્સુદૂર–૧૨૭)*

**(૫)** અલ્લાહ તઆલા કુર્આન મજીદમાં હઝરત ઈબ્રાહીમ علیہ السلامની દુઆનો ઉલ્લેખ પણ કેવળ પ્રશંસાના લીધે કરે છે. બયાન કરે છે :– رَبَّنَا اغْفِرْلِیْ وَلِوَالِدَیَّ وَلِلْمُؤْمِنِیْنَ یَوْمَ یَقُوْمُ الْحِسَابُ

''હે અમારા પરવરદિગાર ! મને અને મારા પિતા અને મો'મિનોને બખ્શી આપ જે દિવસે હિસાબ થશે.'' *(પારા–૧૩, સૂ. ઈબ્રાહીમ, રુકૂઅ–૧૮)*

જુઓ ! ઈબ્રાહીમ علیہ السلامપોતાનાં વફાત પામેલાં વાલિદૈન અને મુસલમાનો માટે બખ્શિશની દુઆ કરી રહ્યા છે. દુઆ ઈબાદત છે તો માલૂમ થયું કે તેમની ઈબાદતથી તેમનાં વાલિદૈન અને મુસલમાનોને અવશ્ય ફાયદો થશે. એવું ન હોય તો હઝરત ઈબ્રાહીમ علیہ السلامની દુઆ કરવી બેકાર ગણાશે. શું અહિંયા એવું કહેવું યોગ્ય ગણાશે કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام જેવા જલીલુલ કદર નબી બેકાર કાર્યો પર અમલ કરવાવાળા થયા ! અને કુર્આન કરીમે બેકાર કાર્યોનું વર્ણન કર્યું ?! (મઆઝલ્લાહ !)

**(૬)** અલ્લાહ તઆલા ફર્માવે છે : ''તે ફરિશ્તાઓ જે અર્શને ઉઠાવવાવાળા અને તેના ચારેવ બાજુ છે તે મારી તસ્બીહ તથા તહમીદના સાથે સાથે મો'મિનો માટે બખ્શિશની દુઆ પણ કરે છે.'' જુઓ ! બખ્શિશની દુઆ કરવાવાળા ફરિશ્તાઓ છે અને તેનો ફાયદો મુસલમાનોને પહોંચશે. જો એમની કોઈ દુઆનો ફાયદો મુસલમાનોના હક્કમાં લાભદાયી ન થાય તો એમની મુસલમાનોના હક્કમાં દુઆ કરવી બેકાર ગણાશે, અને ફરિશ્તાઓ માસૂમ અને અલ્લાહ તઆલાના તરફથી નિયુક્ત હોય

છે એમનું કોઈ કામ બેકાર અને બેફાયદા નથી હોતું. આથી પુરવાર થયું કે ફરિશ્તાઓની ઈબાદત એટલે કે બખ્શિશની દુઆ કરવાનો ફાયદો મુસલમાનોને અવશ્ય પહોંચશે. જાણવા મળ્યું કે એકની ઈબાદતનો બીજાને ફાયદો પહોંચી શકે છે, શર્ત એ છે કે બીજા માટે ફાયદો પહોંચાડવાનો ધ્યેય હોય.

**(૭)** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું, મુર્દાની હાલત કબ્રમાં ડૂબતા ફરિયાદીની જેમ હોય છે, તે પ્રતિક્ષા કરે છે કે તેના બાપ અથવા મા અથવા ભાઈની તરફથી તેને દુઆ પહોંચે. અને જ્યારે એને કોઈની દુઆ પહોંચે છે ત્યારે તે તેને દુનિયા અને જે કાંઈ દુનિયામાં છે તેનાથી વધુ પ્રિય લાગે છે. અને નિઃશંક ! અલ્લાહ તઆલા જમીનવાળાઓની દુઆથી કબ્રવાળાઓને પહાડની જેમ બદલો આપે છે, અને નિઃશંક ! જીવતા લોકોનો તોહફો મુર્દાઓ માટે એ જ છે કે તેમના માટે બખ્શિશની દુઆ કરે. *(મિશ્કાત, પેજ-૨૦૬)*

આ હદીષથી મુર્દાઓનું બખ્શિશની દુઆની પ્રતિક્ષા કરવું અને જીવતા લોકોનો તોહફો એટલે બખ્શિશની દુઆ તેમના માટે સૌથી વધુ ફાયદાકારક હોવું સારી રીતે પુરવાર થઈ ગયું.

**(૮)** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે : નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, જે મુસલમાનની નમાઝે જનાઝા માટે એવા ચાલીસ મુસલમાન ઉભા થઈ જાય જેમણે શિર્ક ન કર્યું હોય તો અલ્લાહ તઆલા તેમની શફાઅત મુર્દાના હક્કમાં કબૂલ કરે લે છે એટલે કે બખ્શી આપે છે. *(અબૂ દાઊદ શરીફ)*

જુઓ ! ચાલીસ મુસલમાનોએ સિફારિશ કરવી એટલે કે બખ્શિશની દુઆ કરવી મુર્દાના હક્કમાં બખ્શિશનો સબબ છે.





**(૯)** હઝરત માલિક બિન બહીરા رضی اللہ عنہ ફર્માવે છે કે મેં હુઝૂર ﷺથી સાંભળ્યું કે ફર્માવ્યું, "જે મુસલમાનની નમાઝે જનાઝા પર મુસલમાનોની ત્રણ સફો થઈ જાય તેના પર જન્નત વાજિબ થઈ જાય છે." *(મિશ્કાત-૧૪૭)*

એટલા માટે જનાઝા પર ત્રણ સફો કરવામાં આવે છે અને જાહેર છે કે સફો બનાવવી અને નમાઝ પઢવી મુર્દાઓનું કાર્ય નથી બલ્કે બીજા લોકોનું કાર્ય છે જે મુર્દા માટે બખ્શિશનો સબબ બન્યું.

**(૧૦)** હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, "કયામતના દિવસે પર્વતના જેમ નેકીઓ ઈન્સાનના (આમાલથી) જોડાયેલી હશે, તો તે કહેશે, આ ક્યાંથી છે ?! તો કહેવામાં આવશે, આ તારી અવલાદના ઈસ્તિગફારના કારણે છે જે તારા માટે કરવામાં આવ્યા." *(અદબુલ મુફરદ લિલ્ બુખારી-૯, શરહુસ્સુદૂર-૧૨૭)*

**(૧૧)** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, "અલ્લાહ તઆલા એ જન્નતમાં પોતાના એક બંદાનો દરજો બુલંદ કર્યો તો તેણે કહ્યું, મારા રબ ! મારો દરજો કેમ બુલંદ થયો ?! કહેવામાં આવ્યું કે તારો પુત્ર જે તારા માટે બખ્શિશની દુઆ માંગે છે તેના કારણે." *(મિશ્કાત, પેજ-૨૫૬)*

આ હદીષથી સાબિત થયું કે જો કોઈ નેક બંદા અથવા કોઈ બુઝુર્ગ માટે બખ્શિશની દુઆ કરવામાં આવે છે તો તેના દરજ્જાઓ બુલંદ થઈ જાય છે, અને ગુનેહગાર માટે કરવામાં આવે તો તેનાથી સખ્તી અને અઝાબ દૂર થઈ જાય છે, જેવી રીતે કે પહેલાં બયાન થઈ ગયું.

**(૧૨)** હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું, "મારી ઉમ્મત ઉમ્મતે મર્હૂમા છે, તે કબ્રોમાં ગુનાહોના સાથે દાખલ થશે અને જ્યારે કબ્રોમાંથી નીકળશે તો તેના પર કોઈ ગુનાહ ન હશે. અલ્લાહ તઆલા મો'મિનોના ઈસ્તિગફારના કારણે તેને ગુનાહોથી પાક તથા સાફ કરી આપશે. *(શરહુસ્સુદૂર–૧૨૭)*

**(૧૩)** મઝહબે હનફીના અકાઈદની માન્યવર કિતાબ 'શરહે અકાઈદે નસફી'માં છે કે "જીવતા લોકોનું મુર્દાઓ માટે દુઆ કરવી અથવા સદકો તથા ખૈરાત કરવું મુર્દાઓ માટે ફાયદાનો સબબ બને છે, અને મોઅતઝલા તેના વિરૂધ્ધ છે."

**(૧૪)** ઈમામે અજલ હઝરત અલ્લામા અલી કારી મિર્કાત શરહે મિશ્કાતમાં ફર્માવે છે કે, "એહલે સુન્નત તેના પર એકમત છે કે મુર્દાઓને જીવતા લોકોના અમલથી ફાયદો પહોંચે છે." *(શરહે ફિક્હે અકબર)*

## ★ મૈયત માટે નમાઝ, રોઝા, અને હજ્જ કરવી ★

**(૧૫)** એક વ્યક્તિએ હુઝૂરે અકરમ ﷺની બારગાહમાં હાજર થઈ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું પોતાના મા બાપ સાથે જ્યારે તે જીવતાં હતાં નેક સુલૂક કરતો હતો, હવે તેમના મૃત્યુ પછી કેવી રીતે તેમના સાથે નેકી કરું ? નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, હવે તારે એમના સાથે નેકી કરવાની રીત એ છે કે તું પોતાની નમાઝની સાથે તેમના માટે નફલ નમાઝ પઢ, અને પોતાના રોઝા સાથે તેમના માટે નફ્લ રોઝા રાખ ! *(શરહે સુદૂર–૧૨૯)*

**(૧૬)** ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا





ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, જે માણસનું મૃત્યુ થઈ જાય અને તેના પર રોઝા બાકી હોય તો તેના તરફથી તેનો વલી રોઝા રાખે. *(મુસ્લિમ)*

**(૧૭)** હઝરત બુરૈદા رضی اللہ عنہ પોતાના પિતાથી રિવાયત કરે છે કે હું હુઝૂર ﷺના નિકટ બેઠેલો હતો. એક ઔરત આવી, તેણીએ કહ્યું કે યા રસૂલલ્લાહ ! ﷺ મારી માનું મૃત્યુ થઈ ગયું છે અને એક મહીનાના રોઝા તેના પર બાકી હતા, શું હું તેમના તરફથી રોઝા રાખુ ?! કહ્યું, હા ! તું તેના તરફથી રોઝા રાખ. તેણીએ કહ્યું, મારી માએ કદી હજ્જ પણ ન કરી હતી, હું તેના તરફથી હજ્જ કરું ? ફર્માવ્યું, તેના તરફથી હજ્જ પણ કરી લે. *(મુસ્લિમ કિતાબુસ્સૌમ, અબૂ દાઊદ કિતાબુલ વસાયા)*

આ ત્રણેવ હદીષોથી સાબિત થયું કે હુઝૂર અકરમ ﷺએ મુર્દા તરફથી નમાઝ, રોઝા અને હજ્જ કરવાનો હુકમ આપ્યો. જાહેર છે નમાઝ, રોઝા, હજ્જ કરવાવાળા જીવતા લોકોની ઈબાદતથી મુર્દાને ફાયદો પહોંચશે જેના માટે તે કરી હતી. જો જીવતા લોકોની ઈબાદતથી મુર્દાને નફો ન પહોંચતો હોત તો હુઝૂરે અકરમ ﷺ કદાપિ આજ્ઞા ન આપતા, બલ્કે કહી આપતા કે તમારી ઈબાદતથી તેમને કોઈ ફાયદો નહીં પહોંચે એટલા માટે તેમના તરફથી ઈબાદત કરવી નિરર્થક બેકાર છે.

**(૧૮)** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે જુહૈના કબીલાની એક ઔરતે હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થઈ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારી માએ હજ્જની મન્નત માની હતી પણ તે હજ્જ કર્યા વિના મૃત્યુ પામી ગયાં તો શું તેમના તરફથી હજ્જ કરું ? નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, તું તેના તરફથી હજ્જ કર. *(બુખારી શરીફ)*

જુઓ ! એક જીવતી ઔરત પર વાજિબ તથા જરૂરી છે કે તે હજ્જ કરે પણ તેનું હજ્જ કર્યા વિના મૃત્યુ થઈ ગયું તો હજ્જ તેના જિમ્મે હતો જેના કારણે તે સજાના લાયક હતી, પણ જ્યારે તેના જીવતા વારસદારોના અદા કરવાથી તેના તરફથી તે હજ્જ થઈ ગયો તો તે ગિરફતારી અને સજાથી મુક્ત થઈ ગઈ. જાણવા મળ્યું કે જીવતા લોકોના અમલથી મુર્દાને ફાયદો પહોંચે છે, શર્ત એ છે કે તેને ફાયદો પહોંચાડવાની નિય્યતથી કરવામાં આવે.

**(૧૯)** હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, જે માણસ પોતાના માતા પિતાના મૃત્યુ પછી તેમની તરફથી હજ્જ કરે. અલ્લાહ તઆલા તેના માટે જહન્નમથી આઝાદી લખી આપે છે, અને તેને કામિલ હજ્જનો સવાબ મળે છે અને તેના માતા પિતાના સવાબમાં પણ કોઈ કમી નથી થતી અને હુઝૂરે અકરમ ﷺ ફર્માવ્યું કે **સર્વથી અફઝલ સદવર્તાવ સગાં સાથે એ છે કે મૈયતના તરફથી હજ્જ કરવામાં આવે.** *(શરહુસ્સુદૂર–૧૨૯)*

**(૨૦)** હઝરત ઝૈદ બિન અરકમ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું કે જે માણસ પોતાના માતા પિતા તરફથી હજ્જ કરે છે જેમણે હજ્જ ન કર્યો હોય તો આ હજ્જ એમના તરફથી પૂરતો થશે, અને તેમની રૂહોને આસ્માનોમાં ખુશખબરી આપવામાં આવશે અને આ માણસ (હજ્જ કરવાવાળા) અલ્લાહ તઆલાના નિકટ ફર્માબરદાર લખવામાં આવશે. *(શરહુસ્સુદૂર–૧૨૯)*

**(૨૧)** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે, હુઝૂરે અકરમ





ﷺએ ફર્માવ્યું કે જે માણસ મૈયતના તરફથી હજ્જ કરે તો મૈયત અને હજ્જ કરવાવાળાને પૂરેપૂરો સવાબ મળશે. *(શરહુસ્સુદૂર–૧૨૯)*

**(૨૨)** હનફી મઝહબની મશ્હૂર કિતાબ બિદાયા શરીફમાં છે કે નિઃશંક ! માણસ અમલનો સવાબ કોઈ બીજા માણસને પહોંચાડી શકે છે, નમાઝનો હોય અથવા રોઝાનો અથવા સદકા તથા ખૈરાત વગેરેનો હોય. આ એહલે સુન્નત વ જમાઅતનો મઝહબ છે.

**(૨૩)** હઝરત શાહ વલીયુલ્લાહ મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે બે રકાત પઢયા પછી તેનો સવાબ મીર સૈયદ અલી હમદાનીને બખ્શી આપે. *(ઈન્તેબાહ ફી સલાસિલે અવલિયા અલ્લાહ)*

## ★ મૈયત માટે કુર્આન તથા ફાતેહા ખ્વાની કરવી ★

**(૨૪)** હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલે કરીમ ﷺએ ફર્માવ્યું, જે માણસ કબ્રસ્તાનમાં દાખલ થાય અને સૂરએ યાસીન પઢે, તો અલ્લાહ તઆલા સર્વ કબ્રસ્તાનવાળાઓથી (અઝાબમાં) ઘટાડો કરે છે અને તે પઢવાવાળાને તેમની ગણતરીની માત્રા પ્રમાણે નેકીઓ આપે છે. અને અલ્લામા કુર્તબીએ આ હદીષના બારામાં ફર્માવ્યું છે કે તેની પણ સંભાવના ધરાવે છે કે આ કિર્અત મૈયતના નિકટ તે હાલતમાં હોય જ્યારે કે તે મૃત્યુ પામી રહ્યો હોય અને તેની પર સંભાવના ધરાવે છે કે તેની કબ્રના નિકટ હોય. *(શરહુસ્સુદૂર–૧૩૦)*

**(૨૫)** હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે જે વ્યક્તિ કબ્રો પર ગુજરે અને સૂરએ ઈખ્લાસને અગ્યાર વખત પઢી એનો સવાબ મુર્દાને બખ્શી આપે તો તેને મુર્દાઓની

ગણતરીના બરાબર બદલો મળશે. *(દારકુત્ની તથા મુખ્તાર બહષ કિર્અતુલ મૈયત બાબુદફન, શરહુસ્સુદૂર–૧૩૦)*

**(૨૬)** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું જે માણસ કબ્રસ્તાનમાં જાય પછી એક વખત સૂરએ ફાતેહા અને કુલહુવલ્લાહ શરીફ તથા અલ્હાકુમુત્તકાષુર પઢીને કહે કે હે અલ્લાહ ! જે કાંઈક મેં કલામમાંથી પઢયું છે તેનો સવાબ મેં કબ્રવાળા મો'મિન અને મો'મિનાતને બખ્શી આપ્યો. તો તે સર્વ મુર્દાઓ અલ્લાહ તઆલાની બારગાહમાં તેના માટે સિફારિશ કરે છે. *(શરહુસ્સુદૂર–૧૩૦)*

**(૨૭)** ઈમામ શઅબી رضی اللہ عنہ ફર્માવે છે, અન્સારનો તરીકો હતો કે જ્યારે તેમનામાંથી કોઈ મૃત્યુ પામી જતો તો વારંવાર તેની કબ્ર પર જતા અને તેના માટે કુર્આન પઢતા. *(ઉપર મુજબ)*

**(૨૮)** અલ્લામા બદરુદ્દીન અયની શારેહે સહીહ બુખારી, શરહે હિદાયામાં લખે છે કે મુસલમાન દરેક જમાનામાં કુર્આન પઢીને તેનો સવાબ (મુર્દાઓ)ને બખ્શતા રહ્યા છે અને તેનો ઈન્કાર મુન્કિર પણ નથી કરતા. અને એહલે સુન્નત વ જમાઅતનો તો તેના પર ઈજમાઅ (એકમતિ) છે.

**(૨૯)** ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જ્યારે તમે મકબરા એટલે કબ્રસ્તાન જાવ તો સૂરએ ફાતેહા અને અઊઝુબિલ્લાહ, બિસ્મિલ્લાહ અને સૂરએ ઈખ્લાસ પઢો અને તેનો સવાબ કબ્રવાળાઓને પહોંચાડો કારણ કે તે તેમને પહોંચે છે. *(હવાલો ઉપર મુજબ)*

**(૩૦)** ઝઅફરાની رحمۃ اللہ علیہ ફર્માવે છે કે મેં ઈમામ શાફઈ رضی اللہ عنہ ને પૂછયું કે કબ્ર પર કુર્આન પઢવું કેવું છે ? કહ્યું કે કાંઈ





વાંધો નથી. *(હવાલો ઉપર મુજબ)*

**(૩૧)** ઈમામ નવવી رضی اللہ عنہ ફર્માવે છે કે કબ્રની ઝિયારત કરવાવાળાઓ માટે મુસ્તહબ એ છે કે જેટલુ બની શકે તેટલુ કુર્આન પઢે અને કબ્રવાળાઓ માટે દુઆ કરે. ઈમામ શાફઈ رضی اللہ عنہ એ તેના પર નસ (દલીલ) પેશ કરી છે, અને તમામ શાફઈ હઝરાત તેના પર સહમત છે અને કબ્ર પર કુર્આન શરીફ પૂરું કરવામાં આવે તો વધુ અફઝલ છે. *(ઉપર મુજબ)*

**(૩૨)** ઈમામ કુર્તબી رضی اللہ عنہ ફર્માવે છે કે શૈખ ઈઝ્ઝુદ્દીન બિન અબ્દુસ્સલામ ફત્વો આપ્યા કરતા હતા કે મૈયતને કુર્આન ખ્વાનીનો સવાબ નથી પહોંચતો. જ્યારે તે મૃત્યુ પામ્યા તો તેમના કેટલાક સાથીઓએ ખ્વાબમાં જોયા, પૂછયું કે તમે કહેતા હતા કે મૈયતને કુર્આન પઢવાનો સવાબ નથી પહોંચતો, આ વાત કેવી છે ? કહ્યું કે દુનિયામાં એવું કહેતો હતો પણ હું હવે તેનાથી તૌબા કરું છું કેમ કે મેં અહિંયા આવીને જોયું કે અલ્લાહ તઆલાના ફઝ્લો કરમથી સવાબ પહોંચે છે. *(શરહુસ્સુદૂર–૧૨૩)*

**(૩૩)** ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ કહે છે કે, ''અને રહ્યું કબ્રો પર કુર્આન શરીફ પઢવું તો તેની શરીઅતના હુકમાનુસાર હોવા પર અમારા અસ્હાબ અને તેમના સિવાય અન્ય ઉલમાએ સમર્થન કર્યું છે. *(પેજ–૧૩૦)*

**(૩૪)** હઝરત માલિક બિન દીનાર رضی اللہ عنہ મોટા અવલિયાએ કિરામમાંથી છે. ફર્માવે છે કે જુમ્આની રાત્રે કબ્રસ્તાનમાં ગયો. મેં જોયું કે ત્યાં નૂર ચમકી રહ્યું છે. મેં વિચાર્યું કે અલ્લાહ તઆલાએ કબ્રસ્તાનવાળાઓને બખ્શી આપ્યા છે. ગૈબથી અવાજ આવ્યો કે હે માલિક બિન દીનાર ! આ મુસલમાનોનો તોહફો છે જેમણે

કબ્રવાળાઓને મોકલ્યો છે. મેં કહ્યું કે તમને ખુદાની કસમ ! મને ખબર આપો કે મુસલમાનોએ શું તોહફો મોકલ્યો છે ? તેણે કહ્યું, એક મો'મિન આદમીએ આ રાત્રે કયામ કર્યો તો તેણે વુઝૂ કરીને બે રકાત નમાઝ પઢી અને બે રકાતમાં સૂરએ ફાતેહા પછી પહેલી રકાતમાં સૂરએ કાફિરૂન અને બીજી રકાતમાં સૂરએ ઈખલાસ પઢી અને કહ્યું, હે અલ્લાહ ! આ બંનેવ રકાતોનો સવાબ મેં આ કબ્રવાળા મો'મિનોને બખ્શી આપ્યો. તેના કારણે અલ્લાહ તઆલાએ અમારી ઉપર આ રોશની (નૂર) મોકલ્યું છે અને અમારી કબ્રોમાં વિશાળતા અને ખુશી પૈદા કરી દીધી છે.

હઝરત માલિક બિન દીનાર ફર્માવે છે, ત્યાર બાદ હું કાયમ બે રકાત પઢીને દર જુમેરાતે મો'મિનોને બખ્શી આપતો. એક રાત્રે મેં નબીએ કરીમ ﷺને ખ્વાબમાં જોયા, ફર્માવ્યું કે હે માલિક બિન દીનાર ! નિઃશંક ! અલ્લાહ તઆલાએ તારા માટે સવાબ કર્યો છે અને ઉપરાંત અલ્લાહ તઆલાએ તારા માટે એક મકાન બનાવ્યું છે જેનુ નામ મનીફ છે. મેં કહ્યું, મનીફ શું છે ? કહ્યું, જેને જન્નતવાળાઓ પણ ઝાંખીને જોશે. *(શરહુસ્સુદૂર–૧૨૭)*

**(૩૫)** હઝરત હમ્માદ મક્કી رضی اللہ عنہ ફર્માવે છે, એક રાત્રે મક્કા મુકર્રમાના કબ્રસ્તાનમાં ગયો અને ત્યાં જ એક કબ્ર પર પોતાનું માથુ રાખી સૂઈ ગયો. સ્વપ્ન જોયું કે કબ્રવાળાઓ ઘેરાવ કરીને બેઠેલા છે. મેં કહ્યું, શું કયામત કાયમ થઈ ગઈ છે ? તેમણે કહ્યું, ના ! પણ અમારા એક મુસલમાન ભાઈએ સૂરએ ઈખ્લાસ પઢીને તેનો સવાબ અમને બખ્શી આપ્યો છે જે અમે એક વરસથી વહેંચી રહ્યા છીએ. *(શરહુસ્સુદૂર–૧૩૦)*

**(૩૬)** શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે, ત્યાર પછી ત્રણ સો સાઈઠ વખતે **અલમ નશરહ્** પછી ત્રણસો



ફાતેહા અને ઈસાલે સવાબનું મહત્વ હદીષોની રોશનીમાં

સાઈઠ વખત ઉપર લખેલ દુઆ પઢે પછી દસ વખતે દુરુદ શરીફ પઢે અને ખતમ મુકમ્મલ કરે અને થોડીક મીઠી બનાવેલ વસ્તુ પર ફાતેહા સર્વ ખ્વાજગાને ચિશતના નામે પઢે અને પોતાની જરૂરત અલ્લાહ તઆલાથી અર્ઝ કરે અને આ જ રીતે રોજ કરે, ઈન્શાઅલ્લાહ ! થોડાક દિવસમાં મકસદ આસનાથી હાંસલ થશે. *(ઈન્તિબાહ–૧૦૦)*

**(૩૭)** આ જ શાહ સાહબ رحمۃ اللہ علیہ બીજી જગ્યાએ ફર્માવે છે, અને થોડુક કુર્આન પઢે અને વાલિદૈન, પીર તથા ઉસ્તાદ અને પોતાના દોસ્તો અને ભાઈઓ અને સર્વ મો'મિન તથા મો'મિનાતની રૂહોને બખ્શે. *(ઈન્તિબાહ ફી સલાસિલે અવલિયા અલ્લાહ–૧૧૬)*

**(૩૮)** હઝરત અલ્લામા કાઝી ષનાઉલ્લાહ સાહબ પાનીપતી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે સર્વ ફકીહોએ હુકમ કર્યો છે કે કુર્આન શરીફ પઢવા અને એઅતેકાફ કરવાનો સવાબ મૈયતને પહોંચે છે. ઈમામ અબૂ હનીફા તથા ઈમામ માલિક તથા ઈમામ અહમદ પણ એના માનવાવાળા હતા અને હાફેઝ શમ્સુદીન બિન અબ્દુલ વહીદે ફર્માવ્યું કે પહેલાના જમાનાથી મુસલમાન શહેરમાં ભેગા થઈને મુર્દાઓ માટે કુર્આન ખ્વાની કરે છે. તેના પર ઈજમાઅત (એકમતિ) છે. *(તઝકેરતુલ મૌતા વલ્કુબૂર)*

**(૩૯)** શૈખુલ મોહદ્દિષીન હઝરત અલ્લામા શાહ અબ્દુલ અઝીઝ સાહબ મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : **હા ! સાલેહીનની કબ્રોની ઝિયારત અને તેમની કબ્રોથી બરકત હાંસલ કરવી અને ઈસાલે સવાબ, કુર્આનની તિલાવત, દુઆએ ખૈર, ખાવા તથા શીરીની વહેંચવી, તેમની મદદ કરવી સર્વથી બેહતર છે અને તેના પર ઓલમાએ**

ઉમ્મતનો ઈજમાઅ (એકમતિ) છે. *(ફતાવા અઝીઝિયા)*

## ★ મૈયત માટે તસ્બીહ તથા કલ્મો પઢવો ★

**(૪૦)** હઝરત જાબિર رضی اللہ عنہ ફર્માવે છે કે જ્યારે હઝરત સઅદ ઈબ્ને મઆઝ رضی اللہ عنہની વફાત થઈ તો અમોએ હુઝૂરે કરીમ ﷺના સાથે નમાઝે જનાઝા પઢી પછી તેમને ક઼બ્રમાં ઉતારીને માટી નાખી દીધી. ત્યારબાદ હુઝૂર નબી કરીમ ﷺએ તકબીર તથા તસ્બીહ પઢવાની શરૂ કરી આપ્યું. અમોએ પણ આપની સાથે પઢવાનું શરૂ કરી આપ્યું, કેટલીક વાર સુધી પઢતા રહ્યા. તો કોઈએ કહ્યું, યા રસૂલલ્લાહ ﷺ આપે તસ્બીહ તથા તકબીર કેમ પઢી ? કહ્યું, આ નેક બંદા પર તેની ક઼બ્ર સાંકડી થઈ ગઈ હતી, અમારી તસ્બીહ તથા તકબીરના કારણે અલ્લાહ તઆલાએ તેને વિશાળ કરી દીધી છે.

આ હદીષથી હુઝૂરે અકરમ ﷺ અને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین નું ક઼બ્ર પર તસ્બીહ તથા તકબીર પઢવું અને તેમની તકબીરથી ક઼બ્રવાળાને ફાયદો પહોંચવો સૂરજના પ્રકાશની જેમ જાહેર છે અને ધ્યાનથી જુઓ તો તેનાથી દફન થયા પછી ક઼બ્ર પર અઝાન દેવાનો મસ્અલો પણ સમજી શકાય છે.

**(૪૧)** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે હુઝૂરે કરીમ ﷺ બે ક઼બ્રોની પાસેથી પસાર થયા તો કહ્યું કે આ બંનેવ ક઼બ્રવાળાઓ પર અઝાબ થઈ રહ્યો છે અને તે કોઈ મોટા ગુનાહના કારણે નહીં પણ એટલા માટે કે એક પેશાબના છાંટાઓથી બચતો ન હતો અને બીજો ચુગલખોર હતો. પછી આપે ખજૂરની એક લીલી ડાળી લીધી અને વચ્ચેથી ચીરીને તેના બે ભાગ કરીને બંનેવ





ક઼બ્રો પર લગાડી આપી. સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ﷺ આપે એમ કેમ કર્યું ? કહ્યું કે, જ્યાં સુધી આ ડાળીઓ લીલી રહેશે તેમના અઝાબમાં ઘટાડો થતો રહેશે. *(બુખારી, મુસ્લિમ, મિશ્કાત–૪૨)*

આ હદીષમાં આ થોડીક વાતો ધ્યાનથી જોવાના લાયક છે. **પ્રથમ** એ કે હુઝૂરે અકરમ ﷺ પર આલમે બરઝખની હાલત છુપાયેલ નથી. **બીજી** એ કે તે ક઼બ્રવાળા પોતાના જીવનમાં જે કૃત્ય કરીને અઝાબમાં સંપડાયેલા હતા આપને તેનો પણ ઈલ્મ હતો. **ત્રીજી** એ કે લીલી ડાળીઓ ક઼બ્ર પર રાખીને તેમને અઝાબ ઓછો થવાનો સબબ ઠરાવી દીધો.

હવે પ્રશ્ન એ છે કે અઝાબ ઓછો થવાનો સબબ કેવળ તે ડાળીઓ હતી અથવા બીજુ કાંઈક ? કેવળ ડાળીઓને ઠરાવી દેવામાં આવે તો સૂકાયા પછી પણ ડાળીઓનું ક઼બ્રો પર હોવુ અઝાબના ઘટાડાનો સબબ હોવું જોઈએ, જો કે એવું નથી. જાણવા મળ્યું કે અઝાબ ઓછો થવાનો સબબ કેવળ ડાળીઓ નથી, બલ્કે તેમની તસ્બીહ છે જે તે પઢે છે. કારણ કે, "દરેક વસ્તુ અલ્લાહની હમ્દ બયાન કરે છે." અને કેમ કે ડાળીઓનું સૂકાઈ જવું તેમનુ મૃત્યુ છે અને મૃત્યુથી તસ્બીહ રોકાય ગઈ. એટલા માટે પુરવાર થઈ ગયું કે અઝાબ ઓછો થવાનો સબબ ડાળીઓની તસ્બીહ છે, જ્યારે ડાળીઓની તસ્બીહ ક઼બ્રનો અઝાબ ઓછો થવાનો સબબ છે તો બંદાઓની તસ્બીહ પણ હક઼ીક઼તમાં ક઼બ્રનો અઝાબ ઓછો થવાનો સબબ છે.

ઉપરાંત અહિંયાથી એ પણ પુરવાર થઈ ગયું કે ક઼બ્રો પર ફૂલ રાખવાં જાઈઝ છે, કારણ કે ખજૂરની તાજી ડાળીઓના જેમ તાજાં અને લીલાં ફૂલ વગેરે પણ અલ્લાહ તઆલાની

તસ્બીહ પઢે છે.

કેટલાક લોકો એમ કહે છે કે હુઝૂરે અકરમ ﷺએ ડાળીઓ એટલા માટે રાખી કે તેનાથી અઝાબ ઓછો થઈ જાય તો તમે અવલિયા અલ્લાહની કબ્રો પર ફૂલ નાખો છો તો જાણવા મળ્યું કે તમે પણ તેમને અઝાબમાં સપડાયેલા સમજો છો !

તો તેના સંબંધે અર્ઝ એ છે કે તસ્બીહ તે જ લોકોને ફાયદામંદ નથી જે લોકો અઝાબમાં સપડાયેલા હોય, બલ્કે તેમને પણ ફાયદામંદ છે જેઓ રહમતમાં ડૂબેલા છે. રહમતમાં ડૂબેલા માટે આનંદ અને ખુશી અને બુલંદ દરજ્જો થવાનો સબબ છે. જેવી રીતે ઘણા સહાબાએ કિરામ તથા બુઝુર્ગાને દીને વફાતના સમયે વસિયત કરી કે અમારી કબ્રો પર ખજૂરની ડાળીઓ મૂકતા રહેશો. શું ખબર કે ઈન્કાર કરવાવાળાઓ આ પાક લોકોના બારામાં કેવો ખયાલ રાખતા હશે ?!

શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે, કબ્ર પર ફૂલ અને ખુશ્બુવાળી વસ્તુ રાખવી કબ્રવાળાની રૂહને આનંદનો સબબ છે અને આ શરીઅતથી સાબિત છે. *(ફતાવા અઝીઝિયા, ભાગ-૧)*

**(૪૨)** ઈમામ રબ્બાની મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہ ફર્માવે છે : મિત્રો અને દોસ્તોને કહી આપ કે સિત્તેર હજાર વખત કલ્મએ તૈયબાહ મર્હૂમ ખ્વાજા મુહમ્મદ સાદિકની રૂહાનિયત માટે અને સિત્તેર હજાર વખતે તેમની બહેન મર્હૂમા ઉમ્મે કુલષૂમની રૂહાનિયત માટે પઢે અને સિત્તેર હજાર કલ્માનો સવાબ એકની રૂહને અને સિત્તેર હજાર કલ્માનો સવાબ બીજાની રૂહને બખ્શે. દોસ્તોથી ફાતેહા અને દુઆની અપીલ છે. *(મક્તૂબાત શરીફ)*





**(૪૩)** મોલ્વી મુહમ્મદ કાસિમ નાનોત્વી બાનીએ મદ્રસા દેવબંદ લખે છે : હઝરત જુનૈદના કોઈ મુરીદનો રંગ અચાનક બદલાઈ ગયો. આપે કારણ પૂછયું તે કશ્ફના ઝરીએ કહ્યું કે, હું મારી મા ને દોઝખમાં જોવું છું ! હઝરત જુનૈદ બગદાદીએ એક લાખ પાંચ હજાર વખતે કોઈ સમયે કલ્મો પઢેલો હતો. એવું જાણીને કે કેટલીક રિવાયતોમાં આટલી સંખ્યામાં કલ્માના સવાબ પર મગફિરતનો વાયદો છે. પોતાના દિલમાં એ મુરીદની માં ને બખ્શી આપ્યો અને તેને ખબરદાર ન કર્યો. પણ બખ્શવાની સાથે શું જુએ છે કે તે નવજવાન ખુશ છે ! આપે સબબ પૂછયો, તેણે કહ્યું કે હવે મારી માં ને જન્નતમાં જોવું છું. આપે તેના પર ફમાવ્યું કે આ નવજવાનની કશ્ફ મને હદીષથી જાણવા મળી અને હદીષની સચ્ચાઈ તેના કશ્ફથી થઈ. *(તહઝીરુન્નાસ)*

## માલી ઈબાદતો

### ★ મૈયત માટે સદકો તથા ખૈરાત કરવી ★

**(૪૪)** ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે એક વ્યક્તિએ હુઝૂરે અકરમ ﷺની બારગાહમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારી માની વફાત થઈ ગઈ છે અને તેણીએ વફાતના સમયે કાંઈક વસીયત નથી કરી, જો હું સદકો કરું તો શું તેને સવાબ પહોંચશે ? આપે ફર્માવ્યું : હા ! *(મુસ્લિમ કિતાબુઝ્ઝાત, બુખારી કિતાબુલ વસાયા, મોઅત્તા ઈમામ માલિક, અબૂ દાઊદ)*

**(૪૫)** હઝરત સઅદ બિન ઓબાદા رضی اللہ عنہની વાલિદાનો ઈન્તેકાલ થઈ ગયો તો તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારી માની વફાત થઈ ગઈ છે જો હું તેમના તરફથી સદકો કરું

તો શું તેમને સવાબ પહોંચશે ? આપે ફર્માવ્યું, હા ! પહોંચશે. હઝરત સઅદ رضی اللہ عنہએ કહ્યું, તો મારો ફલાણો બાગ તેમના તરફથી સદકો છે. *(બુખારી, નિસાઈ કિતાબુલ વસાયા, મોઅત્તા)*

**(૪૬)** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે એક માણસે હુઝૂરે અકરમ ﷺની બારગાહમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારી માની વફાત થઈ ગઈ છે, જો હું તેના તરફથી સદકો કરું તો તેણીને ફાયદો પહોંચશે ? આપે ફર્માવ્યું કે, હા ! પહોંચશે. તો કહ્યું કે મારો એક બાગ છે અને હું તમને ગવાહ કરીને કહું છું કે મેં તે બાગને તેમના તરફથી સદકો કરી આપ્યો. *(તિર્મિઝી કિતાબુઝ્ઝકાત)*

આ ત્રણેય હદીષોથી પુરવાર થયું કે મૃત્યુ પામેલ સગાંના માલોમાંથી જો કોઈ સદકો તથા ખૈરાત આ નિયતથી કરે કે તેનાથી મુડદાને ફાયદો પહોંચશે તો મુદડાને હકીકતમાં ફાયદા પહોંચે છે.

**(૪૭)** હઝરત સઅદ બિન ઉબાદા رضی اللہ عنہએ હાજર થઈને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારી માંનો ઈન્તેકાલ થઈ ગયો છે તો કયો સદકો અફઝલ છે ? (જે એમના માટે કરું) તો કહ્યું કે પાણીનો. તો હઝરત સઅદે કૂવો ખોદાવ્યો અને કહ્યું, આ સઅદની માં માટે છે.

આ હદીષમાં આ વાત અતિશય ધ્યાનના લાયક છે કે હઝરત સઅદ رضی اللہ عنہ જેવા જલીલુલકદર સહાબી ફર્માવે છે કે આ કૂવો સઅદની માં માટે છે, એટલે તેમની રૂહને સવાબ પહોંચાડવાની નિય્યતથી બનાવ્યો છે.

એનાથી સ્પષ્ટ રીતે પુરવાર થઈ ગયું કે રૂહને સવાબ





પહોંચાડવાના ધ્યેયથી કોઈ સદકો તથા ખૈરાત કરવામાં આવે, જો તે સદકો તથા ખૈરાત અને ન્યાઝ પર ભૌતિક રીતે તેનું નામ લેવામાં આવે એટલે એમ કહેવામાં આવે કે **આ સબીલ હઝરત ઈમામ હુસૈન** رضی اللہ عنہ **અને શોહદાએ કરબલા** رضوان اللہ تعالیٰ علیہم اجمعین**ના માટે છે અથવા આ ખાવા તથા આ ન્યાઝ સહાબાએ કિરામ અથવા એહલે બયતે અતહાર અથવા ગૌષે આઝમ અથવા ખ્વાજા ગરીબ નવાઝ માટે છે તો કદાપિ તે સબીલનું પાણી અને તે ખાવા અને ન્યાઝ વગેરે હરામ ન થશે.** નહીં તો એમ કહેવું પડશે કે તે (સઅદવાળા) કૂવાનું પાણી હરામ હતું !

જ્યારે કે કૂવાનું પાણી નબીએ કરીમ ﷺ અને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین અને ત્યારબાદ તાબઈન, તબે તાબઈન અને મદીનાવાળાઓએ પીધું. **શું કોઈ મુસલમાન કહી શકે છે કે આ મુકદ્દસ હઝરાતે હરામ પાણી પીધું?!** મઆઝલ્લાહ ! કોઈ મુસલમાન તો એમ નથી કહી શકતો. જે કૂવાના બારામાં એવું કહેવામાં આવ્યું કે, "આ સઅદની માં માટે છે" નબીએ કરીમ ﷺ અને સહાબાએ કિરામના નિકટ હલાલ તથા પાક છે. જેથી જે સબીલ માટે એવું કહેવામાં આવે છે કે આ ઈમામ હુસૈન અને શોહદાએ કરબલા رضوان اللہ تعالیٰ علیہم اجمعینના માટે છે અથવા આ ન્યાઝ વગેરે ફલાણા માટે છે તો તે મુસલમાનના નિકટ પણ હલાલ તથા પાક જ છે.

**(૪૮)** હઝરત સાલેહ બિન દિરહમ رضی اللہ عنہ ફર્માવે છે કે અમે હજ્જ માટે મક્કા મુકર્રમા પહોંચ્યા તો ત્યાં અમને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ મળ્યા અને કહ્યું કે તમારા શહેર બસરાની નિકટ એક એવી વસ્તી છે જેનું નામ અબલ્લા છે તેમાં એક મસ્જિદે

અશાર છે. એટલા માટે તમારામાંથી કોણ મારી સાથે વાયદો કરે છે કે એ મસ્જિદમાં મારા માટે બે અથવા ચાર રકાત પઢે અને કહે કે આ બે રકાત અબૂ હુરૈરહ્ માટે છે. *(મિશ્કાત–૪૬૮)*

હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنهએ ફર્માવ્યું કે મેં હુઝૂરે અકરમ ﷺથી સાંભળ્યું, કયામતના દિવસે અલ્લાહ તઆલા મસ્જિદે અશારથી શહીદો ઉઠાડશે જે શોહદાએ બદરના સાથે હશે.

આ હદીષમાં વિચારો કે હુઝૂરે અકરમ ﷺના એક મહાન સહાબી ફર્માવી રહ્યા છે કે મારા માટે નમાઝ પઢવી અને આમ કહેવું કે આ નમાઝ અબૂ હુરૈરહ્ માટે છે, એટલે તેનો સવાબ અબૂ હુરૈરહ્ માટે છે. જેનાથી જાણવા મળ્યું કે બદની (શારીરિક) ઈબાદતનો સવાબ બીજા માણસને પહોંચાડી શકાય છે, ચાહે તે જીવતો હોય અથવા મૃત્યુ પામેલ હોય.

એ પણ યાદ રહે કે નમાઝ એક ખાસ ઈબાદત છે જે કેવળ અલ્લાહ માટે છે તેના સંબંધે ફર્માવ્યું, "આમ કહેવું કે આ અબૂ હુરૈરહ્ માટે છે." જાણવા મળ્યું કે જે ઈબાદતનો સવાબ જેને પહોંચાડવો હોય તેનું નામ લે, એટલે આમ કહે કે ફલાણા માટે છે તો જાઈઝ છે અને હદીષથી સાબિત છે. એ પણ જાણવા મળ્યું કે એ જગ્યાઓ જે ફઝીલત તથા શરફ ધરાવે છે ત્યાં ઈબાદત તથા નેકી કરવી ખૂબ જ ફઝીલત તથા અજરો સવાબનો સબબ છે.

**(૪૯)** હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضي الله عنهથી રિવાયત છે. હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું, જ્યારે તમારામાંથી કોઈ નફ્લ સદકો કરે તો યોગ્ય છે કે પોતાના મા બાપને સવાબ પહોંચાડે. જેથી એ સદકાનો સવાબ એ બંનેવ માટે પણ પૂરો





થશે અને સદકો કરવાવાળા માટે પણ કોઈ કમી ન થશે. *(તિબ્રાની, અવસત, શરહુસ્સદૂર–૧૨૯)*

**(૫૦)**હઝરત અનસ رضي الله عنهથી રિવાયત છે કે હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું કે જ્યારે કોઈ માણસ મૃત્યુ પામે છે તો તેના મૃત્યુ બાદ તેના ઘરવાળાં તેના માટે સદકો તથા ખયરાત કરે છે તો જિબ્રઈલે અમીન આ સદકો તથા ખયરાતને એક નૂરાની તબાકમાં રાખીને મૃત્યુ પામેલ પાસે લઈ જઈને કહે છે :–

હે ઊંડી કબ્રવાળા ! આ હદિયો તથા તોહફો તારા ઘરવાળાઓએ મોકલ્યો, તો તેને કબૂલ કર ! તો કબ્રવાળો તેને જોઈને ખૂબ જ ખુશ થાય છે અને (બીજાઓ)ને ખુશખબરી આપે છે. તેના પડોશી જેમના તરફ તેમના ઘરવાળાઓ તરફથી કોઈ હદિયો નથી પહોંચતો તેઓ દુઃખ તથા રંજ અનુભવે છે. *(શરહુસ્સુદૂર–૧૨૯)*

**(૫૧)** હઝરત અનસ رضي الله عنه ફર્માવે છે કે હુઝૂર નબી કરીમ ﷺથી પૂછયું કે અમે અમારા મુડદાઓ માટે દુઆઓ અને તેમના તરફથી સદકાત, ખયરાત અને હજ્જ વગેરે કરીએ છીએ, શું આ વસ્તુઓ મુડદાંઓને પહોંચે છે ?! આપે ફર્માવ્યું, નિઃશંક ! આ વસ્તુઓ તેમને પહોંચે છે અને તેઓ તેનાથી ખુશ થાય છે જેવી રીતે તમે એકબીજાના હદિયાથી ખુશ થાવ છો. *(મુસ્નદે ઈમામ અહમદ)*

**(૫૨)**અલ્લામા અલાઉદ્દીન અબી બિન મુહમ્મદ અલ્ બગદાદી સાહિબે તફસીરે ખાઝિન ફર્માવે છે, નિઃશંક ! મૈયતના તરફથી સદકો આપવો મૈયત માટે ફાયદામંદ છે અને તે સદકાનો સવાબ મૈયતને પહોંચે છે અને તેના પર ઓલમાનો ઈજમાઅ (એકમતિ) છે. *(તફસીરે ખાઝિન)*

**(૫૩)**હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : **દૂધ, ચાવલ (ખીર) કોઈ બુઝુર્ગના ફાતેહા માટે તેમની રૂહને સવાબ પહોંચાડવાની નિય્યતથી પકાવવા અને ખાવામાં કોઈ વાંધો નથી, જાઈઝ છે.** અને કોઈ બુઝુર્ગના ફાતેહા આપવામાં આવે છે તો માલદારોને પણ ખાવું જાઈઝ છે. *(ઝુબ્દુન્નસાએહ–૧૩૨)*

**(૫૪)** શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : **તે ખાવા જે હઝરત હસન તથા હુસૈનની ન્યાઝ માટે પકાવવામાં આવે અને તેના પર કુલ, ફાતેહા, દુરૂદ પઢવામાં આવે તો બરકતવાળુ થઈ જાય છે અને તેનુ ખાવા ઘણુ સારુ છે.** *(ફતાવા અઝીઝિયા)*

**(૫૫)**મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી તક્વિયતુલ ઈમાનવાળા લખે છે : દરેક તે ઈબાદત જે મુસલમાન અદા કરે અને તેનો સવાબ કોઈ ગુજરી ગયેલાની રૂહને પહોંચાડે અને તેના માટે અલ્લાહની બારગાહમાં દુઆ કરે છે તો આ સર્વથી બેહતર અને સારું છે. અને રસ્મોમાં ફાતેહા પઢવા, ઉર્સ કરવા, મુડદાની નઝરો ન્યાઝ કરવાની રસ્મોની ખૂબીમાં શંકા નથી. *(સિરાતે મુસ્તક઼ીમ, પેજ–૫૫)*

**(૫૬)** બીજી જગ્યાએ લખે છે : કોઈ એમ ન વિચાર કરે કે મુડદાને ખાવા અને ફાતેહાખ્વાનીના સાથે નફો પહોંચાડવો સારુ નથી, કેમ કે આ વાત બેહતર તથા ઉત્તમ છે. *(પેજ–૬૪)*

**(૫૭)** દેવબંદી મૌલ્વી અશ્રફઅલી થાનવીનો ઈસાલે સવાબના સંબંધી ફત્વો જુઓ. **સવાલ** : ઈસાલે સવાબના સંબંધી કેટલીક વખતે શંકા થાય છે કે જો નેક અમલનો સવાબ બીજાઓની રૂહને બખ્શવામાં આવે તો બખ્શવાવાળા માટે શું નફો થયો ?!





પરંતુ મુડદાને તેનાથી ફાયદો પહોંચે છે. હઝરત આ શંકાને દૂર ફર્માવી આપશો. **જવાબ** શર્હે સુદૂરમાં તિબ્રાની અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જયારે તમારામાંથી કોઈ નફ્લી સદક઼ો કરે છે અને તેને પોતાનાં માબાપ તરફથી ઠરાવી આપે છે તો તેનો બદલો તે બંને માટે છે, અને તેના બદલામાં કોઈ પણ જાતની કમી કરવામાં આવતી નથી. અને સહીહ મુસ્લિમની હદીષ જેણે નેક તરીક઼ો ઈસ્લામમાં શરૂ કર્યો......(છેવટ સુધી)થી પણ તેનુ સમર્થન થાય છે.

## ★ મૈયત માટે કુર્બાની તથા ગુલામ આઝાદ કરવો ★

**(૫૮)** હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે કે હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلم એ એક ઘેટો ઝબહ કર્યો. હે અલ્લાહ ! તેને મારી અને મારી આલના તરફથી અને મારી ઉમ્મતના તરફથી ક઼બૂલ કર. *(મુસ્લિમ, અબૂ દાઊદ, કિતાબુલ અઝાહી)*

**(૫૯)** હઝરત જાબિર رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلم એ એક ઘેટો ઝબહ કરી ફર્માવ્યું, આ કુર્બાની મારી અને મારા ઉમ્મતના દરેક વ્યક્તિના તરફથી જેણે કુર્બાની નથી કરી. *(અબૂ દાઊદ, કિતાબુલ અઝાહી)*

**(૬૦)** હઝરત હનશ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં હઝરત અલી کرم اللہ تعالی وجہہ الکریم ને બે કુર્બાની કરતાં જોઈને પૂછયું કે આપ બે કુર્બાની શું કામ કરો છો ?! હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلم એ વસિય્યત કરી હતી કે હું એક કુર્બાની તેમના તરફથી કરતો રહું એટલા માટે એક પોતાની અને એક તેમના તરફથી કરું છું. *(તિર્મિઝી, અબૂ દાઊદ)*

આ ત્રણેવ હદીષોથી પુરવાર થઈ ગયું કે એકનો અમલ બીજાને ફાયદો પહોંચાડે છે. જુઓ ! હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلم એ

પોતાની આલ અને પોતાની ઉમ્મતની તરફથી કુર્બાની કરી છે અને હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને પોતાના તરફથી કુર્બાની કરવાની વસિય્યત કરી છે. પછી હઝરત અલી کرم اللہ وجہہ الکریم નું તેના પર કાયમી અમલ કરવું એ વાતની રોશન દલીલ છે કે જીવંત લોકોનો અમલ જે વફાત પામેલ લોકો માટે કરવામાં આવે તે ફાયદામંદ છે.

**(૬૧)** હઝરત ઝૈદ બિન અસ્લમ رضی اللہ عنہ ફર્માવે છે કે એક શખ્સ હુઝૂર અકરમ ﷺની બારગાહમાં હાજર થયો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારા પિતા મૃત્યુ પામી ગયા છે, શું હું તેમના તરફથી ગુલામ આઝાદ કરું ? આપે ફર્માવ્યું, હા ! કર ! *(શરહુસ્સુદૂર–૧૨૯)*

**(૬૨)** હઝરત અબૂ જા'ફર رضی اللہ عنہ ફર્માવે છે કે હસન તથા હુસૈન رضی اللہ عنہما હઝરત અલી کرم اللہ وجہہ الکریم ની વફાત બાદ તેમના તરફથી ગુલામ આઝાદ કરતા રહેતા હતા. *(ઉપર મુજબ)*

### ★ સદક્એ જારિયા ★

**(૬૩)** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું કે મો'મિન જયારે ઈન્તેકાલ કરી જાય તો તેના અમલ ખત્મ થઈ જાય છે, પણ સાત વસ્તુઓથી સવાબ તેને મૃત્યુ પછી પણ મળે છે : **એક** જો તેણે કોઈને ઈલ્મે દીન શિખવાડયો તો તેને સતત સવાબ મળતો રહે છે જયાં સુધી તે ઈલ્મ દુનિયામાં જારી રહે છે. **બીજુ** એ કે તેની નેક અવલાદ હોય જે તેના હક્માં દુઆ કરતી રહે છે. **ત્રીજુ** તે જે કુર્આન શરીફ છોડી ગયો હોય. **ચોથુ** એ કે તેણે મસ્જિદ બનાવી હોય. **પાંચમુ** તેણે મુસાફિરોના આરામ માટે મુસાફિરખાનુ બનાવ્યું હોય. **છઠ્ઠુ** તેણે કૂવો અથવા





નહેર વગેરે ખોદાવી હોય. **સાતમુ** તેણે પોતાની જિંદગીમાં સદકો આપ્યો હોય. આ વસ્તુઓ જયાં સુધી મૌજૂદ રહેશે તેને સવાબ મળતો રહેશે. *(શરહુસ્સુદૂર)*

આ સત્ય દલીલોથી સૂરજના પ્રકાશની જેમ જાહેર થઈ ગયું કે જીવંત લોકોની બદની, માલી અને મુરક્કબ (માલી અને બદની ઈબાદતનો સમૂહ) ઈબાદતનો સવાબ મુર્દાને પહોંચે છે અને તેના પર ઉમ્મતનો **ઈજમાઅ** (એકમતિ) છે, શર્ત એ છે કે સવાબ પહોંચાડવાની નિય્યત હોય. આ ઈસાલે સવાબ ગુનેહગારો માટે માફી તથા બખ્શિશ અને નેક લોકો માટે દરજ્જાઓની બુલંદી અને આનંદનો સબબ છે. ઉપરાંત અલ્લાહ તઆલા સવાબ પહોંચાડવાવાળાને પૂરેપૂરો બદલો અને સવાબ અર્પણ કરે છે.

## મુરક્કબ ઈબાદતો

### ★ ત્રીજ્યુ, સાતમું, ગ્યારવીં, ચાલીસમું, ઉર્સ તથા વરસી કરવી ★

જયારે આપે ઈસાલે સવાબનો મસ્અલો સમજી લીધો છે તો એ પણ **જાણી લો કે અગ્યારવીં, કુંડાં, સબીલ, ત્રીજ્યુ, સાતમું, ચાલીસમું અને વરસી... વગેરે ઈસાલે સવાબનાં નામો છે અને ઈસાલે સવાબ કુર્આન તથા હદીષથી સાબિત છે જેવી રીતે કે ઉપર બયાન થયું. તો હવે તેના જાઈઝ હોવામાં શું શંકા ?!**

મૈયત પર ત્રણ દિવસ ખાસ કરીને શૌક કરવામાં આવે છે. બુઝુર્ગોએ ફર્માવ્યું, ત્રણ દિવસ શોક કર્યો છે તો હવે ઉઠતા પહેલાં થોડાક ઘરના માણસો મળીને કાંઈક સદકો કરો તથા કાંઈક પઢો

અને તેનો સવાબ મૈયતની રૂહને પહોંચાડીને ઉઠો, તેનું નામ સોયમ અથવા ત્રીજ્યુ મશહૂર થઈ ગયું. અને **હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દહેલ્વી** رحمۃ اللہ علیہ**નું ત્રીજ્યુ થયું.** જેમ કે શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે **ત્રીજ્યાના દિવસે લોકોની ભીડ એટલી હતી કે ગણતરીથી બહાર છે. એક્યાસી કલામે પાક પૂરાં થયાં બલ્કે તેનાથી વધારે પણ થયાં અને કલ્માએ તૈયબાહનો હિસાબ નથી કે કેટલો પઢવામાં આવ્યો.** *(મલ્ફૂઝાતે અઝીઝી, પેજ–૫૫)*

હઝરત તાઊસ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે : **નિઃશંક ! મુદડાંને ક઼બ્રમાં સાત દિવસ સુધી અજમાવવામાં આવે છે, જેથી સહાબાએ કિરામ સાત દિવસ સુધી તેમના તરફથી ખાવા ખવડાવવું મુસ્તહબ સમજતા હતા.** *(શરહુસ્સદૂર, પેજ–૫૭, અબૂ નુઐમ ફિલ હિલ્યા, ઈમામ અહમદ ફિઝ ઝુહદ)*

જેમ કે શૈયખુલ મુહદ્દિષીન શાહ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે **મૃત્યુ બાદ સાત દિવસ સુધી સદક઼ો કરવો જોઈએ.** *(અશ્અતુલ લમ્આત શરહે મિશ્કાત)*

**બુઝુર્ગાને દીન ફર્માવે છે :** મૈયતની રૂહને ચાલીસ દિવસ સુધી પોતાના ઘર અને જગ્યાઓથી ખાસ સંબંધ રહે છે, જે પછી નથી રહેતો. જેમ કે હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمનો ઈર્શાદે ગિરામી છે, મો'મિન ચાલીસ દિવસ સુધી જમીનના તે ટુકડાઓ જેના પર તે ખુદા તઆલાની ઈબાદત તથા ઈતાઅત કરતો હતો અને આસ્માનના તે દરવાજાઓ જેનાથી તેના અમલ જતા હતા અને જે જગાથી તેની રોજી ઉતરતી હતી, તે રડતાં રહે છે. *(શરહુસ્સૂદૂર, પેજ–૨૪)*



ફાતેહા અને ઈસાલે સવાબનું મહત્વ હદીષોની રોશનીમાં

**એટલા માટે બુઝુર્ગાને દીને ચાલીસમા દિવસે પણ ઈસાલે સવાબ કર્યો** કે હવે એ ખાસ સંબંધ કટ થઈ જશે એટલા માટે આપણા તરફથી રૂહને કોઈ સવાબ પહોંચી જાય અને તે ખુશ થાય. અને તે સર્વની જડ એ છે કે **નબી કરીમ** صلی اللہ علیہ وسلم**એ સૈયદુશ્શોહદા હઝરત અમીર હમ્ઝા** رضی اللہ عنہ **માટે ત્રીજ્યા, દસવા, ચાલીસવાના દિવસે અને છઠ્ઠા મહિને અને વર્ષ પછી સદક઼ો આપ્યો.**

જાણવા મળ્યું કે આ રિવાજ આપેલ ત્રીજ્યુ, સાતમું, ચાલીમું અને ગ્યારમું વગેરે વાસ્તવિકમાં ઈસાલે સવાબનાં નામો છે અને આ જાઈઝ છે, તેને બુરી બિદઅત અથવા નકામી વાતો વગેરે કહેવું ગુમરાહી છે.

## ★ ખાવા સામે રાખી કુ઼ર્આન શરીફ પઢવું ★

હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે જ્યારે હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلم હઝરત ઝૈનબ رضی اللہ عنہاથી નિકાહ કર્યો તો મારી મા (ઉમ્મે સુલૈમ)એ ખાવા તોહફા માટે પકાવ્યું અને મારા સાથે હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمની બારગાહમાં મોકલ્યું. તેની જ સાથે આમ કહ્યું કે હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمને મારી સલામ કહેવી અને અર્ઝ કરવી, આ મોક઼ા પર જે કાંઈક છે તેને ક઼બૂલ કરી લેશો.

તે ખાવા લઈને હું આપની પાસે પહોંચ્યો અને માના સલામ આપ્યા અને અર્ઝ કરી. આપે ફર્માવ્યું, હે અનસ ! તેને મૂકી દે અને ફલાણા ફલાણાને બોલાવી લાવ ! હું બોલાવતો રહ્યો ત્યાં સુધી કે ત્રણસો માણસો ભેગા થઈ ગયા. તો મેં હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمને જોયા કે આપે તે ખાવા પર મુબારક હાથ રાખી જે ઈચ્છયું તે પઢયું. બસ ! પછી શું થયું કે ખાવા એટલુ બરકતવાળુ થયું કે

લોકોનું પેટ ભરાઈ ગયું. આપે ફર્માવ્યું, આ જે બચ્ચુ છે તે લઈ જાવ ! મેં જ્યારે બચેલુ ખાવા જોયું તો હું અંદાજો ન કરી શક્યો કે હું જે ખાવા લાવ્યો હતો તે વધારે હતું કે આ વધારે છે !

જુઓ ! આ હદીષથી પુરવાર થઈ ગયું કે **હુઝૂરે અકરમ ﷺએ ખાવા સામે રાખીને તેના પર જે ઈચ્છયું તે પઢયું અને તેના પર અધિક બરકત થઈ.**

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે ગઝવએ તબૂકમાં લશ્કરે ઈસ્લામને ભૂખે ખૂબ હેરાન કર્યું તો હઝરત ઉમર رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આપ લશ્કરે ઈસ્લામમાંથી બચેલુ ભાથુ મંગાવીને બરકતની દુઆ કરો.

આપે દસ્તરખ્વાન બિછાવડાવીને બચેલુ ખાવા મંગાવ્યું. સહાબાએ કિરામમાંથી મુટ્ઠી ભરીને ખજૂરો, કોઈ રોટીના ટુકડા અને કોઈ મગફળી જેવી ચીજ વગેરે જે કાંઈક કોઈની પાસે હતુ તે લઈને આવ્યા અને દસ્તરખ્વાન પર અમુક વસ્તુઓ ભેગી થઈ ગઈ, અને તેના પર હુઝૂર ﷺએ બરકતની દુઆ કરી. પછી આપે કહ્યું કે, તમે તમારા ભાથામાં ભરી લો.

તે વસ્તુઓમાં એટલી બરકત થઈ કે સર્વ ઈસ્લામી લશ્કરે પોતાના ભાથાં ભરી લીધાં અને પેટ ભરીને ખાધુ તો પણ ખાવા બચી રહ્યું. ત્યારબાદ ફર્માવ્યું કે હું ગવાહી આપું છું કે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી અને હું તેનો રસૂલ છું.

આ હદીષથી હુઝૂરે અકરમ ﷺના સમક્ષ ખાવા રાખી બરકતની દુઆ કરવી સાબિત છે. જો કે આ વિષયની બીજી પણ હદીષો છે પણ લખાણ લંબાઈ જવાના લીધે આના પર બસ





કરવામાં આવે છે. આ બંનેવ હદીષોથી સાબિત થઈ ગયું કે હુઝૂરે અકરમ ﷺએ ખાવા સામે રાખીને તેના પર કાંઈક પઢયું પણ છે અને દુઆ પણ કરી છે.

જાણવા મળ્યું કે ખાવા વગેરે સામે રાખીને તેના પર કુર્આન પઢવું અને દુઆ કરવી હુઝૂરે અકરમ ﷺથી સાબિત (પ્રમાણિત) છે, એટલા માટે જાઈઝ છે.

ઈસાલે સવાબનો મસ્અલો વાંચકો સમક્ષ હાજર છે. આશા છે કે વાંચકો આ દલીલોને ધ્યાનપૂર્વક જોયા પછી ઈસાલે સવાબનુ મહત્વ સમજશે અને એ લોકોની સંકૂચિત દષ્ટિ તથા તેમને કેટલો ઈલ્મ છે તેનો પણ અંદાજા કરી લેશે જેઓ ફાતેહા ખ્વાનીને નકામી વાતો અથવા બુરી બિદઅત કહીને લોકોને રોકે છે અને કહેતા ફરે છે કે તેની કોઈ સાબિતી નથી.

**★ ફાતેહાખ્વાની અને સવાબ પહોંચાડવાનો તરીક઼ો ★**

સવાબ પહોંચાડવાનો તરીક઼ો એ છે કે જે ઈબાદતનો સવાબ પહોંચાડવો હોય તો તે ઈબાદતથી ફારિગ થઈને આમ કહે કે, હે અલ્લાહ પાક ! આ ઈબાદતને ક઼બૂલ કર અને તેનો સવાબ નબીએ કરીમ ﷺના સદક઼ામાં ફલાણા માણસની રૂહને પહોંચે.

સામાન્યતઃ ફાતેહાખ્વાની આ રીતે થાય છે, પહેલાં કોઈ સૂરત અથવા કોઈ રુકૂઅ પઢીને ત્યાર બાદ એક વખતે **સૂરએ કાફિરૂન,** ત્રણ વખતે **સૂરએ ઈખ્લાસ,** એક વખતે **સૂરએ ફલક,** એક વખતે **સૂરએ નાસ** પછી એક વખતે **સૂરએ ફાતેહા** અને પછી **સૂરએ બક઼રહ**ની પહેલી આયત : الٓمّٓ ۚ ذٰلِكَ الْكِتٰبُ لَا رَيْبَ ۛ فِيْهِ ۛ થી اُولٰٓئِكَ عَلٰى هُدًى مِّنْ رَّبِّهِمْ ۗ وَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ સુધી પઢવામાં આવે

છે. પછી :–

اِنَّ رَحْمَتَ اللّٰهِ قَرِيْبٌ مِّنَ الْمُحْسِنِيْنَ ○ وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا رَحْمَةً لِّلْعٰلَمِيْنَ ○ مَا كَانَ مُحَمَّدٌ اَبَآ اَحَدٍ مِّنْ رِّجَا لِكُمْ وَلٰكِنْ رَّسُوْلَ اللّٰهِ وَخَاتَمَ النَّبِيّٖنَ ط وَكَانَ اللّٰهُ بِكُلِّ شَيْءٍ عَلِيْمًا ○ اِنَّ اللّٰهَ وَمَلٰٓئِكَتَهٗ يُصَلُّوْنَ عَلَى النَّبِيِّ ط يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا صَلُّوْ عَلَيْهِ وَسَلِّمُوْا تَسْلِيْمًا ○ اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰى آلِ سَيِّدِنَا مُحَمَّدٍ وَّبَارِكْ وَسَلِّمْ ۔ اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ ﷺ ! وَعَلٰى آلِكَ وَاَصْحَابِكَ يَا حَبِيْبَ اللّٰهِ ﷺ ! سُبْحٰنَ رَبِّكَ رَبِّ الْعِزَّةِ عَمَّا يَصِفُوْنَ ○ وَسَلٰمٌ عَلَى الْمُرْسَلِيْنَ ○ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ○

હે અલ્લાહ ! આ કલામનો સવાબ અને કોઈ શીરીની (મીઠાઈ) અથવા ખાવા વગેરે પણ હોય તો આમ કહે, હે અલ્લાહ ! આ પાક કલામ અને આ ખાવા અથવા શીરીની (મીઠાઈ) વગેરેનો સવાબ હુઝૂરે અકરમ ﷺની બારગાહમાં હદિયા તથા તોહફારૂપે પેશ કરીને પછી તેમના સદકા અને વસીલા (વાસ્તા)થી તેમની આલ અને તેમના અસ્હાબે પાક તથા તેમની અઝવાજે મુતહ્હરાત અને તાબેઈન અને તબે તાબેઈન, ઈમામો, આલિમો, બુઝુર્ગો તથા તમામ મો'મિનીન તથા મો'મિનાતની રૂહોને પહોંચાડીને ખાસ કરીને ફલાણાની રૂહાને સવાબ પહોંચાડ !

ટૂંકમાં કરવા હોય તો એક વખતે સૂરએ ફાતેહા અને ત્રણ વખતે સૂરએ ઈખ્લાસ પઢવી. વધારે સવાબ પહોંચાડવો મંજૂર હોય તો પ્રથમ એક વખતે અથવા કેટલી વખતે કલામે પાક પઢવામાં





આવે અથવા જેમ બની શકે પઢવામાં આવે અને સવાબ પહોંચાડી દેવામાં આવે.

આમ લોકોમાં તેનું નામ, ફાતિહા છે, જેમ કે કહેવામાં આવે છે કે આજે ફલાણા બુઝુર્ગની ફાતેહા છે, ફાતિહા નામ તો અલ્હમ્દ શરીફનું છે, કારણ કે અલ્હમ્દ શરીફ તે સમયે પઢવામાં આવે છે એટલા માટે આ અમલનુ નામ ફાતિહા મશ્હૂર થઈ ગયું.

وما علينا الا البلاغ المبين

